# RCB રૂ. 2900 કરોડની બ્રાન્ડ વેલ્યુ ધરાવતી પ્રથમ ક્રિકેટ ટીમ બની

**IPLનો** બિઝનેસ પણ 20 બિલિયન ડોલર અર્થાત રૂ. 1.96 લાખ કરોડને વટાવી ગયો

IPL ફ્રેન્ચાઇઝીઓમાં RCB પછી મુંબઇ ઇન્ડિયન્સ બીજા, KKR ત્રીજા અને CSK ચોથા ક્રમે

નવી દિલ્હી, તા. 29 : રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) 300 મિલિયન ડોલર અર્થાત આશરે રૂ. 2,979 કરોડની બ્રાન્ડ વેલ્યુ ધરાવતી વિશ્વની પ્રથમ ક્રિકેટ ટીમ બની છે. આ દરમિયાન, આઈપીએલનો બિઝનેસ પ્રથમ વખત 20 બિલિયન ડોલર અર્થાત આશરે રૂ. 1.96 લાખ કરોડને વટાવી ગયો હોવાનું વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ બેન્ક હૂલીહાન લોકીના એક અભ્યાસમાં કહેવાયું છે.



બેન્કના 2026 બ્રાન્ડ વેલ્યુ રિપોર્ટ અનુસાર, બિઝનેસમાં 11.4%ના વધારા સાથે આઈપીએલની વેલ્યુ વધીને 20.6 બિલિયન ડોલર અથવા આશરે 1.96 લાખ કરોડ થયું છે. એકલા આઈપીએલની બ્રાન્ડ વેલ્યુ 10.3% વધીને 4.3 બિલિયન ડોલર અર્થાત આશરે રૂ. 41,000 કરોડ થઈ ગઈ છે. આઈપીએલ ફ્રેન્ચાઈઝીઓમાં આરસીબીએ બ્રાન્ડ વેલ્યુ ગયા વર્ષની સરખામણીમાં 16% વધારા સાથે આશરે રૂ. 2,979 કરોડ સાથે સૌથી મૂલ્યવાન ટીમ તરીકે નંબર વનનું સ્થાન જાળવી રાખ્યું છે. તે 300 મિલિયન ડોલરનો આંકડો પાર કરનારી પ્રથમ ટીમ બની છે. આરસીબી એ ગયા વર્ષે જ તેની બ્રાન્ડ વેલ્યુમાં આશરે 410 કરોડનો ઉમેરો કર્યો છે. અન્ય ફ્રેન્ચાઈઝીમાં મુંબઈ ઈન્ડિયન્સ આશરે 2,520 કરોડ સાથે બીજા, કોલકાતા નાઈટ રાઈડર્સ 2,339 કરોડ સાથે ત્રીજા અને ચેન્નાઈ સુપર કિંગ્સ 2,330 કરોડ સાથે ચોથા ક્રમે છે.

### IPL ફ્રેન્ચાઇઝી ટીમોની બ્રાન્ડ વેલ્યુ

| ક્રમ | ટીમ | બ્રાન્ડ વેલ્યુ ($) | બ્રાન્ડ વેલ્યુ (રૂ.) |
|---|---|---|---|
| 1 | આરસીબી | 300 મિલિયન | 2979 કરોડ |
| 2 | મુંબઇ ઇન્ડિયન્સ | 264 મિલિયન | 2520 કરોડ |
| 3 | કેકેઆર | 245 મિલિયન | 2339 કરોડ |
| 4 | સીએસકે | 244 મિલિયન | 2330 કરોડ |
| 5 | એસઆરએચ | 168 મિલિયન | 1604 કરોડ |
| 6 | રાજસ્થાન રોયલ્સ | 161 મિલિયન | 1537 કરોડ |
| 7 | પંજાબ કિંગ્સ | 158 મિલિયન | 1508 કરોડ |
| 8 | ગુજરાત ટાઇટન્સ | 157 મિલિયન | 1499 કરોડ |
| 9 | દિલ્હી કેપિટલ્સ | 156 મિલિયન | 1489 કરોડ |
| 10 | એલએસજી | 122 મિલિયન | 1164 કરોડ |

## દુલીપ ટ્રોફી : વૈભવ સૂર્યવંશી પૂર્વ ઝોનનો વાઇસ કેપ્ટન

કોલકાતા, તા. 29 (પીટીઆઇ) : પ્રતિભાશાળી કિશોર ક્રિકેટર વૈભવ સૂર્યવંશીને આવતા મહિને શરૂ થનારી દુલીપ ટ્રોફી માટે ઇશાન કિશનની આગેવાની હેઠળની પૂર્વ ઝોન ટીમના વાઇસ કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. બંગાળ અને ઝારખંડના ખેલાડીઓનું પ્રભુત્વ ધરાવતી ટીમમાં 15 વર્ષીય સૂર્યવંશીની તેની પ્રથમ રેડ-બોલ પ્રાદેશિક ટુર્નામેન્ટમાં ઉપ-કેપ્ટન તરીકે નિમણૂકને એક સંકેત તરીકે જોવામાં આવી રહી છે કે તેને ઓલ-ફોર્મેટ ખેલાડી તરીકે તૈયાર કરવામાં આવી રહ્યો છે. ટીમમાં સૂર્યવંશી બિહારનો એકમાત્ર ખેલાડી છે.

## કોમનવેલ્થ ટેબલ ટેનિસ ભારતની પુરુષ, મહિલા ટીમ ફાઇનલમાં

નવી દિલ્હી, તા. 29 : ભારતની પુરુષ અને મહિલા ટીમોએ બુધવારે અહીં પોતપોતાની સેમી ફાઇનલમાં ઇંગ્લેન્ડને હરાવીને 22મી કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પ્રવેશ કર્યો. માનુષ શાહે કોનર ગ્રીનને ૧૧-૯, ૧૧-૯, ૧૧-૬થી, માનવ ઠક્કરે ડાબી આંખ ઉપર ૧૩ ટાંકા હોવા છતાં, જોસેફ હન્ટરને ૧૧-૮, ૧૧-૪, ૧૧-૫થી જ્યારે અનુભવી હરમીત દેસાઈએ બેન્જામિન પિગોટને 11-5, 11-5, 11-5થી હરાવી ભારતની 3-0થી જીત સુનિશ્ચિત કરી. મહિલા ટીમે મુશ્કેલ પડકારનો સામનો કર્યો હોવા છતાં, તેણે ઇંગ્લેન્ડને 3-1થી હરાવ્યું અને ટાઇટલ મેચમાં પ્રવેશ કર્યો.

## માત્ર એક ફેરફાર સાથે એશિયન ગેમ્સ માટે ભારતીય હોકી ટીમ જાહેર

નવી દિલ્હી, તા. 29 : ભારતે બુધવારે ૧૯ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર દરમિયાન જાપાનના આઇચી નાગોયામાં યોજાનારી એશિયન ગેમ્સ માટે ફક્ત એક જ ફેરફાર કરીને ૨૦ સભ્યોની પુરુષ હોકી ટીમ જાહેર કરી હતી, જેમાં આદિત્ય અર્જુન લાલગેના સ્થાને મિડફિલ્ડર રાજ કુમાર પાલને સ્થાન આપ્યું છે.

**ભારતીય પુરુષ હોકી ટીમ**

ગોલકીપર્સ: મોહિત એચએસ, સૂરજ કરકેરા. ડિફેન્ડર્સ: જર્મનપ્રીત સિંહ, હરમનપ્રીત સિંહ (કેપ્ટન), અમિત રોહિદાસ, જુગરાજ સિંહ, સંજય, સુમિત, યશદીપ સિવાચ. મિડફિલ્ડર્સ: રાજિન્દર સિંહ, રાજ કુમાર પાલ, હાર્દિક સિંહ, મનપ્રીત સિંહ, નીલકાંત શર્મા, વિવેક સાગર પ્રસાદ. ફોરવર્ડ: દિલપ્રીત સિંહ, શિલાનંદ લાકરા, સુખજીત સિંહ, મનદીપ સિંહ, અભિષેક.

## વેસ્ટ ઇન્ડીઝે પહેલી ટેસ્ટ મેચમાં પાકિસ્તાનને હરાવ્યું

તારોબા (ત્રિનિદાદ), તા. 29 (એપી) : જેડન સીલ્સે પાંચ વિકેટ ખેરવતા વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ ટેસ્ટમાં પાકિસ્તાનને 90 રનથી હરાવીને બે મેચની સીરિઝમાં 1-0થી સરસાઇ મેળવી હતી. વેસ્ટ ઈન્ડિઝે પોતાની પહેલી ઈનિંગમાં 311 રન બનાવ્યા હતા તે પછી પાકિસ્તાને પોતાની પહેલી ઈનિંગમાં 282 રન બનાવ્યા હતા. વેસ્ટઇન્ડિઝે બીજી ઈનિંગમાં 181 રન બનાવીને આપેલા 211 રનના લક્ષ્યાંક સામે પાકિસ્તાનનો માત્ર 120 રનમાં વિંટો વળ્યો હતો.

## CWG બોક્સિંગ: ભારતના એક જ દિવસમાં પાંચ મેડલ પાકાં

**અંકુશ**, સાક્ષી, અરુંધતી, સચિન અને નરિન્દરે સાતમા દિવસે પોતપોતાની બાઉટ જીતીને સેમીમાં પ્રવેશ કર્યો

**લવલીના**, પ્રિયા, પ્રીતિ અને જદુમણી પહેલાથી જ સેમીમાં હોવાથી બોક્સિંગમાં ભારતના કુલ નવ મેડલ પાકાં થયા











ગ્લાસગો, તા. 29 (પીટીઆઈ) : ગ્લાસ્ગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં આજે બુધવારે બોક્સિંગ ઈવેન્ટમાં અંકુશ યાદવ, સાક્ષી ચૌધરી, અરુંધતી ચૌધરી, સચિન સિવાચ અને નરિન્દર બરવાલે ભારતનું પ્રભાવશાળી પ્રદર્શન જાળવી રાખીને પોતપોતાની કેટેગરીની સેમી ફાઈનલમાં પહોંચીને એક જ દિવસમાં વધુ પાંચ મેડલ પાકા કર્યા હતા. બુધવારે પાંચ જીત સાથે, કુલ નવ ભારતીય બોક્સર સેમી ફાઈનલમાં પહોંચવાથી કુલ નવ મેડલ પાકાં થઈ ગયા છે. આ સાથે જ ભારતે બર્મિંઘમ 2022ના કુલ બોક્સિંગ મેડલ ટેલીને પણ વટાવી દીધી છે, તે સમયે દેશે ત્રણ ગોલ્ડ, એક સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ સાથે કુલ સાત મેડલ જીત્યા હતા.

આજ પહેલા લવલીના બોરગોહેન (75 કિગ્રા), પ્રિયા ઘંઘાસ (60 કિગ્રા), પ્રીતિ પવાર (54 કિગ્રા) અને જદુમણી સિંહ (55 કિગ્રા) બોક્સિંગમાં ભારત માટે મેડલ પાકા કરી ચૂક્યા છે. આજે સાક્ષીએ 51 કિગ્રા કેટેગરીમાં નોર્થ આયર્લેન્ડની કેટલીન ફ્રાયર્સને 5-0થી, જ્યારે અરુંધતીએ 70 કિગ્રા કેટેગરીમાં ન્યૂઝીલેન્ડની મોર્ગન હેન્ડરસનને ૩-૧થી હરાવી હતી. માજી વર્લ્ડ યુથ ચેમ્પિયન સિવાચે પુરુષોની 60 કિગ્રા કેટેગરીમાં સર્વસંમતિથી થયેલા નિર્ણયમાં બોત્સ્વાનાના ટ્રેઝર મોરેમીને 5-0થી જ્યારે ગયા વર્ષના વર્લ્ડ બોક્સિંગ કપ ફાઈનલ્સ સિલ્વર મેડલિસ્ટ અંકુશે 80 કિગ્રામાં સેશેલ્સના જેડ માઈકોકને સર્વાનુમતે 5-0થી તો એશિયન ગેમ્સના બ્રોન્ઝ મેડલિસ્ટ નરિન્દરે પણ +90 કિગ્રા કેટેગરીમાં સમોઆના માઈકલ સેકોને 3-2થી હરાવ્યો હતો.

નરેન્દરની બાઉટમાં રેફરીએ વારંવાર દરમિયાનગીરી કરી અને ભારતીય બોક્સરના બે પોઈન્ટ કાપી નાખ્યા, પરંતુ નરિન્દરે સેકોને બે વાર સ્ટેન્ડિંગ કાઉન્ટ લેવાની ફરજ પાડી. ન્યાયાધીશોએ આખરે નરિન્દરના પક્ષમાં 3-2 થી ચુકાદો આપ્યો, જેનાથી તે દિવસના અંતિમ ચારમાં પહોંચનાર પાંચમો ભારતીય બોક્સર બન્યો.

## હરજિંદરના સિલ્વર સાથે ભારતે વેઇટલિફ્ટિંગમાં સાત મેડલ જીત્યા

**કુલ 227** કિગ્રા વજન સાથે હરજિંદરે પ્રભાવશાળી પ્રદર્શન કર્યું પણ કેનેડાની ચાર્લોટિ CWG રેકોર્ડ કરીને ગોલ્ડ જીત્યો



ગ્લાસગો, તા. 28 (પીટીઆઇ) ભારતની હરજિંદર કૌરે મંગળવારે અહીં કોમનવેલ્થ ગેમ્સમાં મહિલાઓની 69 કિગ્રા વેઈટલિફ્ટિંગ કેટેગરીમાં સ્નેચ અને ક્લીન એન્ડ જર્ક બંનેમાં ગેમ્સના રેકોર્ડ તોડીને શાનદાર પ્રદર્શન સાથે સિલ્વર મેડલ જીત્યો હતો.

2022 બર્મિંઘમ કોમનવેલ્થ ગેમ્સમાં 71 કિગ્રા વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીતીને પોતાની કારકિર્દીના શ્રેષ્ઠ પ્રદર્શનમાંનો એ કરનારી ભારતની 29 વર્ષીય હરજિન્દરે સ્નેચમાં કોમનવેલ્થ ગેમ્સના રેકોર્ડમાં બે વાર સુધારો કર્યો, પહેલા 99 કિલો વજન ઉપાડીને નવો રેકોર્ડ બનાવ્યો અને પછી પોતાના અંતિમ પ્રયાસમાં 101 કિલો વજન ઉપાડીને પોતાનો જ રેકોર્ડ તોડ્યો. ત્યારબાદ તેણે પોતાનો રેકોર્ડ-બ્રેકિંગ ક્લીન એન્ડ જર્ક પ્રદર્શન ચાલુ રાખ્યું, સફળતાપૂર્વક ૧૨૩ કિલો અને પછી ૧૨૬ કિલો વજન ઉપાડ્યું, જેનાથી તેનું કુલ વજન ૨૨૭ કિલો થયું. જોકે, તેના પ્રભાવશાળી પ્રદર્શન છતાં, કેનેડાની ચાર્લોટ સિમોનોએ અસાધારણ રીતે સારું પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીત્યો. સિમોને સ્નેચ, ક્લીન એન્ડ જર્ક અને કુલ વજન એમ ત્રણેય કેટેગરીમાં કોમનવેલ્થ ગેમ્સના રેકોર્ડ બનાવ્યા. તેણે સ્નેચમાં 108 કિલો અને ક્લીન એન્ડ જર્કમાં 132 કિલો વજન ઉપાડીને કુલ 240 કિલો વજન ઉપાડીને કોમનવેલ્થ ગેમ્સનો નવો રેકોર્ડ બનાવ્યો. તે હરજિંદર કરતાં 13 કિલો આગળ રહી.

## ગુલવીરે 10,000 મીટર દોડમાં સિલ્વર જીતીને ઇતિહાસ રચ્યો

**કોમનવેલ્થ** ગેમ્સના ઇતિહાસમાં ગુલીવર 10,000 મીટર દોડમાં મેડલ જીતનારો પહેલો ભારતીય બન્યો



ગ્લાસગો, તા. 29 (પીટીઆઈ) : એશિયન ગેમ્સના બ્રોન્ઝ મેડલિસ્ટ ભારતીય એથ્લીટ ગુલવીર સિંહે ગઈકાલે મંગળવારે અહીં કોમનવેલ્થ ગેમ્સની પુરુષોની 10,000 મીટર દોડમાં સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. આ જીતની સાથે તે કોમનવેલ્થ ગેમ્સના ઇતિહાસમાં આ ઈવેન્ટમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો. સ્કોટ્સ્ટોન સ્ટેડિયમમાં સતત વરસાદ અને પાણી ભરાયેલા ટ્રેક જેવી પડકારજનક પરિસ્થિતિઓ છતાં, રાષ્ટ્રીય રેકોર્ડ ધારક ગુલવીરે આખી રેસ દરમિયાન અગ્રણી દોડવીરોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું. તેણે અંતિમ તબક્કામાં ઝડપી ગતિ બતાવી, 27:49.78 સેકન્ડના સમય સાથે બીજા સ્થાને રહ્યો. ઓસ્ટ્રેલિયાના કાઈ રોબિન્સને 27:48.93ના સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે આઈલ ઓફ મેનના ડેવિડ મુલાર્કીએ 27:50.28ના સમય સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો.

ગુલવીરના પ્રદર્શને ઈતિહાસનો બીજો એક મહત્વપૂર્ણ ભાગ પણ રચ્યો. 1986 પછી પહેલી વાર, કોમનવેલ્થ ગેમ્સમાં પુરુષોની આ ઈવેન્ટમાં કોઈ આફ્રિકન દોડવીર મેડલ વિજેતાઓમાં સામેલ નહોતો.

### કોમનવેલ્થ ગેમ્સ 2026 મેડલ ટેલિ

| ક્રમ | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયા | 35 | 18 | 27 | 80 |
| 2 | કેનેડા | 13 | 10 | 12 | 35 |
| 3 | ઈંગ્લેન્ડ | 10 | 19 | 15 | 44 |
| 4 | સ્કોટલેન્ડ | 7 | 4 | 4 | 15 |
| 5 | નાઇજીરિયા | 6 | 4 | 2 | 12 |
| 6 | મલેશિયા | 5 | 2 | 3 | 10 |
| 7 | દક્ષિણ આફ્રિકા | 4 | 7 | 5 | 16 |
| 8 | ન્યૂઝીલેન્ડ | 3 | 7 | 3 | 13 |
| 9 | ભારત | 2 | 7 | 3 | 12 |
| 10 | જમૈકા | 2 | 0 | 0 | 2 |

## તૂર અને ગિલ શોટ પુટની ફાઇનલમાં, અનિમેષ ૨૦૦ મીટરની સેમીમાં

ગ્લાસગો, તા. 29 : ભારતીય શોટ પુટર્સ તેજિન્દરપાલ સિંહ તૂર અને સમરદીપ સિંહ ગિલે કોમનવેલ્થ ગેમ્સના અંતિમ રાઉન્ડ માટે સરળતાથી ક્વોલિફાય કર્યું. જ્યારે રાષ્ટ્રીય રેકોર્ડ ધારક અનિમેષ કુજુરે 200 મીટરની સેમી ફાઇનલમાં પ્રવેશ કરીને સીઝનનો શ્રેષ્ઠ દેખાવ કર્યો. રાષ્ટ્રીય રેકોર્ડ ધારક તૂરે ગ્રુપ-એમાંથી માત્ર બે પ્રયાસમાં 20 મીટરનો ઓટોમેટિક ક્વોલિફિકેશન માર્ક હાંસલ કર્યો. તેનો પહેલો પ્રયાસ 19.93 મીટર અને બીજો પ્રયાસ 20.14 મીટર હતો. તેણે ત્રીજો પ્રયાસ કર્યો નહીં.

## ગ્લાસગો CWGના સમાપન સમારોહમાં ભારતની વાઇબ્રન્ટ સંસ્કૃતિ દર્શાવાશે

**શંકર** મહાદેવન તેમના પુત્રો સિદ્ધાર્થ અને શિવમ તેમજ ગુજરાતી સિંગર ભૂમિ ત્રિવેદી હીટ ગીતો ગાશે, માનુસી છીલ્લર પરફોર્મ કરશે

ગ્લાસગો, તા. 29 (પીટીઆઈ) : ભારતની વાઈબ્રન્ટ સંસ્કૃતિ અને કોમનવેલ્થ પરિવાર સાથેના તેના સહિયારા મૂલ્યોને 2 ઓગસ્ટના રોજ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સના સમાપન સમારોહ દરમિયાન 'હેન્ડઓવર' સેગમેન્ટમાં પ્રદર્શિત કરવામાં આવશે, જે 2030 માં ગેમ્સના શતાબ્દી સંસ્કરણના યજમાન તરીકે અમદાવાદને આવકારવા માટે આંતરરાષ્ટ્રીય ઉજવણીના ભાગ રૂપે યોજાશે. જ્યારે કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ આગામી યજમાન તરીકે ભારતને સોંપવામાં આવશે ત્યારે સમાપન સમારોહમાં ભારતના સંગીત અને નૃત્ય જગતના કેટલાક મોટા નામો સ્ટેજ પર જોવા મળશે. અહીં જારી કરાયેલી એક રિલિઝ અનુસાર, 'હેન્ડઓવર સેક્શન' ત્રણ ભાગમાં હશે જે પ્રેક્ષકોને એક એવી સફર પર લઈ જશે જે સહિયારી વિચારસરણી, સંસ્કૃતિ અને પરસ્પર જોડાણોની ઉજવણી કરે છે.

પ્રથમ ભાગમાં ભારતના રાષ્ટ્રગીત, વંદે માતરમના 150 વર્ષની ઉજવણી કરવામાં આવશે. અભિનેત્રી અને માજી મિસ વર્લ્ડ માનુષી છિલ્લરના નેતૃત્વમાં નર્તકોનું એક જૂથ, પ્રેક્ષકોને ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક ઓળખનો પરિચય કરાવશે. બીજા ભાગમાં ભારતના પ્રખ્યાત સિતારવાદક ઋષભ રિખીરામ શર્મા અને સ્કોટલેન્ડના શ્રેષ્ઠ પાઈપર રોસ એન્સલી વચ્ચે જુગલબંધી રજૂ થશે. છેલ્લે, આગામી રમતોના યજમાન ગુજરાત પર એક ખાસ કાર્યક્રમ યોજાશે. ગીતકાર શંકર મહાદેવન, તેમના પુત્રો સિદ્ધાર્થ અને શિવમ સાથે, ભારતના કેટલાક સૌથી મોટા હિટ ગીતો રજૂ કરશે. તેમની સાથે ગુજરાતની ભૂમિ ત્રિવેદી પણ જોડાશે.

## ઈંગ્લેન્ડ ક્લબ ક્રિકેટમાં 'ક્લિકી પોન્ટિંગ' કૌભાંડે મોટો વિવાદ જગાવ્યો

**ફિલ્ડર** બ્રાયન ડિવાઇને બોલ બેટ નજીકથી પસાર થાય ત્યારે હળવી ચપટી વગાડી અમ્પાયર્સને બોલ બેટની ધારને વાગ્યો હોવાનું માનવા મજબૂર કર્યા

**ઈંગ્લેન્ડના** ક્લબ ક્રિકેટમાં સ્નિકોમીટર જેવી ટેક્નોલોજીનો ઉપયોગ ન થતો હોવાથી અમ્પાયર્સ જે જુએ કે સાંભળે તેના પર વિશ્વાસ રાખે છે



લંડન, તા. 29 : ઈંગ્લિશ ક્લબ ક્રિકેટમાં એક વિચિત્ર છેતરપિંડીના આરોપે એક ખેલાડીને વાયરલ બનાવ્યો છે. "ક્લિકી પોન્ટિંગ" ઉપનામ ધરાવતા, આ ફિલ્ડર પર આરોપ છે કે તેણે પોતાની આંગળીઓથી હળવી ચપટી વગાડીને અમ્પાયર્સને એવું માનવા મજબૂર કર્યા હતા કે બોલ બેટ્સમેનની બેટની ધારને વાગીને વિકેટ પાછળ ગયો છે. ઈંગ્લેન્ડની ક્લબ ક્રિકેટ લીગમાં મેચો DRS અથવા સ્નિકોમીટર જેવી ટેકનોલોજી વિના રમાતી હોવાથી આ વિવાદ ઘેરો બન્યો છે. ટેકનોલોજી ન હોવાથી સમુદાય દ્વારા સંચાલિત સ્પર્ધાઓમાં અમ્પાયરો મેદાન પર જે જુએ કે સાંભળે છે તેના પર સંપૂર્ણપણે આધાર રાખે છે. કોઈ વિડિઓ સમીક્ષા ઉપલબ્ધ ન હોવાથી, ખેલાડીઓ અને અધિકારીઓ વચ્ચેનો વિશ્વાસ રમતના કેન્દ્રમાં રહે છે, જે આરોપોને ખાસ કરીને ગંભીર બનાવે છે. ઓનલાઈન ફરતા થયેલા વીડિયોમાં સોલ્ટબર્ન ક્રિકેટ ક્લબનો ફિલ્ડર બ્રાયન ડિવાઈન, સ્લિપ અથવા સિલી પોઈન્ટ પર ઊભો હોય ત્યારે, વિકેટકીપર દ્વારા કેચ પૂર્ણ કરતા પહેલા બોલ બેટ નજીકથી પસાર થાય ત્યારે આંગળીઓથી ચપટી વગાડતો જોવા મળ્યા બાદ નોર્થ યોર્કશાયર અને સાઉથ ડરહામ ક્રિકેટ લીગે તપાસ શરૂ કરી હતી.

## વન ડે રેન્કિંગમાં ગિલ ફરી નંબર વન, વૈભવની ટી-20માં મોટી છલાંગ

**ટી-20માં** ઇશાન કિશન નંબર વન બેટ્સમેન, વૈભવ 230 ક્રમનો હનુમાન કૂદકો લગાવી 48માં ક્રમે પહોંચ્યો

**વન** ડે બોલિંગ ટોપ ટેન રેન્કિંગમાં એકેય ભારતીય નથી, ટી-20માં એકમાત્ર વરુણ ચક્રવર્તી નવમા ક્રમે

દુબઈ, તા. 29 (પીટીઆઇ) : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) દ્વારા આજે બુધવારે જાહેર થયેલા રેન્કિંગમાં ભારતીય કેપ્ટન શુભમન ગિલ ફરીથી વિશ્વનો નંબર વન વન ડે બેટ્સમેન બન્યો છે, જ્યારે વૈભવ સૂર્યવંશી ઝિમ્બાબ્વે સામેના સારા પ્રદર્શનને કારણે ટી-20 રેન્કિંગમાં 230 ક્રમનો હનુમાન કૂદકો મારીને 536 પોઈન્ટ સાથે 48મા સ્થાને પહોંચી ગયો છે. ટી-20 રેન્કિંગમાં ઈશાન કિશન નંબર વન પર યથાવત રહ્યો છે. વન ડે બોલિંગ રેન્કિંગમાં એકેય ભારતીય ટોપ ટેનમાં નથી જ્યારે ટી-20 બોલિંગ રેન્કિંગમાં એકમાત્ર વરુણ ચક્રવર્તી નવમા ક્રમે છે.

ગિલે ન્યૂઝીલેન્ડના બેટ્સમેન ડેરિલ મિચેલને પાછળ છોડીને વન ડે રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. ટી-20માં નંબર વન બેટ્સમેન ઈશાન કિશન 910 રેટિંગ પોઈન્ટ ધરાવે છે. તેણે બીજા ક્રમે રહેલા પાકિસ્તાનના સાહિબજાદા ફરહાન પર નોંધપાત્ર સરસાઈ જાળવી રાખી છે. ત્રીજા ક્રમે અભિષેક શર્મા છે જ્યારે તિલક વર્મા બે સ્થાન ઉપર છઠ્ઠા સ્થાને પહોંચી ગયો છે. ઈજાને કારણે ઝિમ્બાબ્વે પ્રવાસ ગુમાવનાર વરુણ ચક્રવર્તી ત્રણ સ્થાન નીચે સરકી ગયો છે પરંતુ ટોચના 10માં યથાવત રહ્યો છે. વન ડે અને ટી-20 બંનેના બોલિંગ રેન્કિંગમાં અફઘાનિસ્તાનનો રાશિદ ખાન ટોચ પર જળવાઈ રહ્યો છે.

### વનડે રેન્કિંગ ટોપ ટેન બેટ્સમેન

| ક્રમ | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1 | શુભમન ગીલ | ભારત | 801 |
| 2 | ડેરિલ મિચેલ | ન્યૂઝીલેન્ડ | 794 |
| 3 | વિરાટ કોહલી | ભારત | 767 |
| 4 | રોહિત શર્મા | ભારત | 758 |
| 5 | ઇબ્રાહીમ ઝદરાન | અફઘાનિસ્તાન | 712 |
| 6 | બાબર આઝમ | પાકિસ્તાન | 689 |
| 7 | હેરી ટેક્ટર | આયર્લેન્ડ | 679 |
| 8 | જો રૂટ | ઈંગ્લેન્ડ | 674 |
| 9 | શે હોપ | વેસ્ટઇન્ડિઝ | 673 |
| 10 | ચરિથ અસલંકા | શ્રીલંકા | 659 |

### ટી-20 ટોપ ટેન બેટ્સમેન

| ક્રમ | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1 | ઇશાન કિશન | ભારત | 910 |
| 2 | સાહિબઝાદા ફરમાન | પાકિસ્તાન | 848 |
| 3 | અભિષેક શર્મા | ભારત | 819 |
| 4 | ફિલ સોલ્ટ | ઈંગ્લેન્ડ | 799 |
| 5 | પથુમ નિસાંકા | શ્રીલંકા | 751 |
| 6 | તિલક વર્મા | ભારત | 750 |
| 7 | જોશ બટલર | ઈંગ્લેન્ડ | 748 |
| 8 | હેરી બ્રુક | ઈંગ્લેન્ડ | 734 |
| 9 | મિચેલ માર્શ | ઓસ્ટ્રેલિયા | 706 |
| 10 | ડેવાલ્ડ બ્રેવિસ | દ. આફ્રિકા | 702 |

## અમદાવાદ સર્વશ્રેષ્ઠ કોમનવેલ્થ ગેમ્સની તૈયારી કરી રહ્યું છે : હર્ષ સંઘવી

ગ્લાસગો, તા. 29 (પીટીઆઈ) : ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે અહીં કહ્યું હતું કે અમદાવાદમાં 2030 કોમનવેલ્થ ગેમ્સના આયોજનની ઝીણવટ શીખવા માટે એક ભારતીય પ્રતિનિધિમંડળ હાલમાં અહીં તાલીમ લઈ રહ્યું છે, જેનો ઉદ્દેશ્ય તેને અત્યાર સુધીનો શ્રેષ્ઠ અને સૌથી સફળ બનાવવાનો છે. અમદાવાદ 2030 માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરશે, જે કોમનવેલ્થ ગેમ્સની શતાબ્દી નિમિત્તે થશે. ભારતે અગાઉ 2010 માં નવી દિલ્હીમાં આ ગેમ્સનું આયોજન કર્યું હતું. ગુજરાતમાં રમતત મંત્રાલયનો હવાલો પણ સંભાળતા સંઘવીએ જણાવ્યું હતું કે રમતોના સંચાલનના વિવિધ પાસાઓ સાથે સંકળાયેલા અધિકારીઓએ રમતોના આયોજન સાથે સંકળાયેલા દરેક પાસાઓનો પ્રત્યક્ષ અનુભવ મેળવવા માટે ગ્લાસગોની મુલાકાત લીધી છે. સંઘવીએ મંગળવારે અહીં પત્રકારોને જણાવ્યું કે હું રમતવીરોને અભિનંદન આપવા માંગુ છું. પ્રધાનમંત્રીના નેતૃત્વમાં, અમદાવાદ 2030 માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા માટે તૈયાર થઈ રહ્યું છે.

## આજનું પંચાંગ

**તા. 30/07/2026, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** વદ: એકમ: 21:31
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 08
**યોગ :** આયુષ્યમાન **કરણ:** બાવલ
**નક્ષત્ર :** શ્રાવણ: 17:44
રાશિ: મકર (ખ,જ)
**દિવસ :** શુભ- સૌરાષ્ટ્રમાં મોળાકાતનાં પારણાં,
**સુરતમાં સૂર્યોદય :** 06:13 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:17
**નવકારસી :** 07:01
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 20મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 15મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત
**રાહુકાળ:** બપોરે : 13:30 થી 15:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજવસ્તુના વેપારમાં આવક વધે. નોકરીમાં પગાર-વધારો થઈશકે. ધંધામાં નવી યોજના બને.

**વૃષભ (બ,વ,ઉ,):** કાયદા-કાનૂનની મદદથી વિદેશના કામ પાર પડે. બૌદ્ધિક કાર્યમાં સફળતા મળે. નવુ શિખવા મળે.

**મિથુન (ક,છ,ઘ,):** ગુપ્તભય સતાવે. જીવનસાથીનો સાથ સામાજીક કામમાં મળે. અટકેલા નાણાં આવે. સરકારી કામમાં પ્રગતિ થાય.

**કર્ક (ડ,હ,):** પ્રેમ-વિવાહની શક્યતા રહે. ઘરમાં ઉત્સવજેવું-વાતાવરણરહે. નોકરી-ધંધામાં અનુકુળતાથી ઉત્સાહ વધે.

**સિંહ (મ,ટ,):** આરોગ્ય બાબતે ચોક્ક બનશો. વિજાતિય આવેગ પર કાબુ રાખવો. હરીફો સતાવશે. નોકરીમાં જવાબદારી વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** મોજ-શોખ, પ્રવાસ, શિક્ષણ, ટેક્નોલોજી, શેર બજારને લગતાં કામમાં પ્રગતિ થાય. ઈન્ટરવ્યુમાં સફળતા મળે.

**તુલા (ર,ત,):** નવા ફેરફારથી રાહત રહે. સરકારી કામમાં મદદ મળે. વારસા બાબતે પ્રગતિ થાય. માતાનો સાથ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** લેખન, પ્રકાશન, નૃત્ય, પ્રવાસ, ટ્યુશન, દલાલી જેવા કામથી લાભ થાય. નોકરીમાં પ્રગતિ થાય. વિવાદથી અશાંતિ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આવક વધે. પારીવારિક ધંધા- કામ તથા નાણાંકીય બાબતોને લઈને અનુકુળતા વધશે. વાણી પર કાબૂ રાખવો.

**મકર (ખ,જ,):** ક્રીએટીવ અને સકારાત્મક કાર્યથી નવી તક મળે. સમાજમાં સાવધાની રાખવી. પ્રેમ વિવાહ થઈ શકે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** સામાજીક કામથી યસ મળે. કોર્ટ-કચેરીમાં મદદ મળે. મોજ-શોખ પાછળ ખર્ચા વધે. ગુપ્તભય રહે.

**મીન (દ,ચ,ઝ,થ,):** સ્ત્રી મિત્રોથી સાવધાન, સંતાનોની ચિંતા રહે. અભ્યાસમાં પ્રગતિથી વિદ્યાર્થીઓને આનંદનો અનુભવ થાય.

## કોઈ પણ સાલમાં 30 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ચડતી-પડતી વાળુ રહેશે. નોકરી-ધંધામાં હરીફો સતાવે. નવી જવાબદારીથી કાર્યબોજ અને દોડધામ વધે. આરોગ્ય નરમ-ગરમ રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સમાજમાં સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાન બાબતે મધ્ય-વર્ષમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. સંતાનોના અભ્યાસ કેરીયરમાં સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરી બાબતે કોઈની વાતોમાં આવવુ ભારે પડી શકે છે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસમાં મદદ મળે. વિવાહમાં કોઈ પર વિશ્વાસ કરવો ભારે પડશે. વારસા, જાયદાત, જમીન જેવા કામ અટકે. નોકરી ધંધાંમાં ટેક્નોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવું પડે. બોજ સતાવે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. મિત્રો-વડીલોની મદદ સમાજીક-પારિવારિક બાબતે મળતી રહે. યાત્રા-પ્રવાસ-ધર્મ-કર્મ થાય, ફેબ્રુઆરી-માર્ચ-નવેમ્બર- ડીસેમ્બર, ગુરુ-શુક્રવાર, 3,12,21,30 તારીખે નવા કામ કરવા. પીળો જાંબલી, સોનેરી રંગ વાપરવો. જૂન-જુલાઈ, રવિ-બુધવાર 2,11,20,29 તારીખે નવા કામ ટાળવો. લાલ-લીલા-રંગનો ઉપયોગ ટાળવો. ગુરુવનારના ઉપાય કરતા રહેવું.

## સુડોકુ - ૩૨૮૯ 'ક્લુ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | ૭ | ૫ | ૬ | ૧ | | ૮ | ૩ |
| ૫ | | | | ૭ | | | | ૬ |
| | | | ૪ | ૨ | | ૭ | | ૯ |
| ૮ | | ૪ | | ૫ | ૯ | ૩ | ૨ | |
| | | ૧ | | ૪ | ૨ | | | ૮ |
| | ૨ | | | ૮ | | | | |
| | ૪ | ૮ | | ૩ | | ૯ | ૭ | ૧ |
| ૬ | | | ૮ | | ૪ | ૫ | ૩ | |
| | | ૫ | ૨ | ૯ | ૭ | ૮ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ-૩૨૮૭ ઉકેલ

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### ગેસ, અપચો

કેરીની ઋતુ ભલે ગઈ. કેરીનો રસ રાત્રે પીરસતા હોઈએ છીએ. જમવા પછી ત્રિકટુ ચૂર્ણ 2 ગ્રામ લો. અજમો અને વરિયાળી એક ચમચી ચાવીને ખાવ.